**<u>ફોજદારી અપીલ નં. ૧૦૨/૨૦૨૫ ના કામે આંક–૫ હેઠળ હુકમ ::–</u>**

(૧) આ કામના અરજદાર/એપેલેન્ટ, મુળ આરોપી સામે જૂનાગઢના વિ. ત્રીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નં. ૪૨૫૧/ ૨૦૨૩ ના કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ગુણદોષ ઉપર ચાલી જતા જૂનાગઢના વિ. ત્રીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તા. ૪–૭–૨૦૨૫ ના રોજ ઠરાવ આપી એપેલેન્ટ/ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી બે (બે) વર્ષની સાદી કેદની સજા તથા ફરીયાદમાં જણાવેલ ચેકની રકમની બમણી રકમ રૂ.૪૮,૦૦૦/– ફરીયાદીને ચુકવવા હુકમ કરેલ છે તે હુકમથી નારાજ થઈ આરોપીઓએ અત્રેની અદાલતમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૧૫ અન્વયે અપીલ દાખલ કરેલ છે અને હાલની અરજીથી જૂનાગઢના વિ. ત્રીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તારીખ ૪–૭–૨૦૨૫ ના આપેલ ઠરાવ અને હુકમની અમલવારી સ્થગીત કરવા અને એપેલેન્ટને જામીન મુકત કરવા માંગણી કરેલ છે.

(૨) ઉપરોકત અરજી અન્વયે પક્ષકારોના વિ. વકીલશ્રીને સાંભળ્યા. નીચેની અદાલતનો હુકમ તથા ચૂકાદો વંચાણે લીધો. આ અપીલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને ટ્રાયલ અદાલત ધ્વારા કરવામાં આવેલ સજાની માત્રા લક્ષમાં લેતા નીચેની અદાલતનુ રેકર્ડ મંગાવવાપાત્ર જણાય છે તે સંજોગોમાં આ અપીલનો નિર્ણય થતા સુધી ટ્રાયલ અદાલત ધ્વારા કરવામાં આવેલ સજાનો હુકમ મોકુફ રાખવાપાત્ર છે ત્યારે એપેલેન્ટસએ ચેકની રકમના ૨૦ % રકમ જમા કરાવ્યેથી તથા એપેલેન્ટ /આરોપીઓને રૂ. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા નીચેની શરતોને આધિન નીચેની કોર્ટમાં રજુ કર્યેથી અપીલના આખરી નિકાલ સુધી જામીન મુકત કરવા હુકમ કરવામાં

આવે છે અને તે શરતો મુજબ ટ્રાયલ કોર્ટના હુકમનો અમલ સજા અને વળતર સબંધી મોકુફ રાખવામાં આવે છે.

**<u>શરતો ::–</u>**

(૧) એપેલેન્ટ/આરોપીઓએ અપીલના કામે જરુર પડયે હાજર રહેવાનુ રહેશે.

(૨) અપીલના આખરી નિકાલ સુધી કોઈ ગુન્હાહીત પ્રવૃતિ કરશે નહીં અને ફરીયાદપક્ષને, ફરીયાદ સબંધી કોઈ મનદુ:ખ રાખી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક–ધમકી આપવી નહીં.

(૩) એપેલેન્ટ/આરોપીઓએ ચેકની રકમના ૨૦ % રકમ નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જૂનાગઢમાં દિન–૩૦ માં જમા કરાવવી.

આ હુકમની જરૂરી યાદી વિ. ટ્રાયલ કોર્ટને કરવી.

હુકમ આજ તા. ૦૨ જી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૦૨/૦૮/૨૦૨૫
જૂનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)